# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરમાં રજૂઆતો અને ફરિયાદ નિવારણનો સ્વાગત કાર્યક્રમ યોજાશે.**
2. **સુરેન્દ્રનગરમાં તંત્રએ 36 લાખ રૂપિયાની સરકારી જમીનને દબાણમુક્ત કરાવી.**
3. **આજે વિશ્વ સોશિયલ મીડિયા દિવસ - રાજ્ય સરકાર દરેક નાગરિક સુધી અધિકૃત માહિતી પહોંચાડવા સોશિયલ મીડિયા નેટવર્ક તૈયાર કરી રહી છે.**
4. **રાજ્યના 187 તાલુકામાં વરસાદ, 16 જિલ્લામાં આજે ભારે વરસાદની આગાહી.**
5. **રાજ્યનાં બે દિવ્યાંગ ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં બે ચંદ્રક જીત્યાં.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM SWAGAT KARYAKRAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરમાં નાગરિકોની રજૂઆત અને ફરિયાદોનો ઑનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ યોજાશે. સત્તાવાર યાદી મુજબ, નાગરિકો અને અરજદારો કાર્યક્રમ માટેની રજૂઆત આજે સવારે આઠ-થી 11 વાગ્યા સુધી ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ-2માં આવેલા મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમમાં રૂબરૂ આવીને કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતો રાજ્ય સ્વાગત ઑનલાઈન કાર્યક્રમ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના કારણે આજે યોજાઈ રહ્યો છે.

# KANU DESAI SUBSTATION –BRIDGE LOKARPAN

નાણામંત્રી કનુ દેસાઈએ ગઇકાલે નવસારીના ગણદેવીમાં ધોલાઇ ખાતે **66** કેવી સબ સ્ટેશન અને ચીખલીના આમધરા ગામે ખરેરા નદી પરના અંદાજે **10** કરોડના ખર્ચે નવનિર્મિત મેજર બ્રિજનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે વીજ બચતમાં ગ્રાહકોનો  સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું જણાવ્યું.

(બાઈટ: કનુભાઈ દેસાઈ - નાણાં અને ઉર્જામંત્રી)

# SURENDRANAGAR KHANIJ CHORI

સુરેન્દ્રનગરમાં વહીવટી તંત્રએ 36 લાખ રૂપિયાની સરકારી જમીન પરથી કબજો દૂર કરી ખૂલ્લી કરાવી છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, ચોટીલાના નાયબ કલેક્ટર અને તેમની ટુકડીએ મૂળી તાલુકાના આસુન્દ્રાળી ગામમાં દરોડા પાડ્યા. દરમિયાન ખાનગી જમીનમાંથી ગેરકાયદે કાર્બોસેલનું ખનન પકડાયું. તંત્રએ કુલ 11 લાખ રૂપિયાનો માલસામાન કબજે કર્યો હતો.

ઉપરાંત ગેરકાયદે પ્રવૃત્તિ કરવા સરકારી જમીનમાં એક પાકું મકાન બનાવાયું હતું. દરોડા દરમિયાન તંત્રએ સરકારી જમીન પર ત્રણ એકરનું દબાણ તોડી 36 લાખ રૂપિયાની સરકારી જમીન ખાલી કરાવી છે.

# SOCIAL MEDIA DAY

આજે 30 જૂને વિશ્વ સોશિયલ મીડિયા દિવસ મનાવવામાં આવશે. ભારતીય ટેલિકોમ નિયમન સત્તામંડળના મુજબ, દેશમાં ઇન્ટરનેટ ઉપયોગકર્તાઓનો આંકડો 94 કરોડને પાર થયો છે. રાજ્ય સરકાર પણ દરેક નાગરિક સુધી સાચી અને અધિકૃત માહિતી પહોંચાડવા વ્યાપક સોશિયલ મીડિયા નેટવર્ક તૈયાર કરી રહી છે.

આ નેટવર્કમાં મુખ્યમંત્રીની કચેરીથી લઈ ગ્રામ પંચાયત સુધીના સોશિયલ મીડિયા એકાઉન્ટનો સમાવેશ કરાશે. આ એકાઉન્ટ થકી સરકાર યોજનાઓ, વિકાસ કાર્યો, નાગરિકલક્ષી અભિયાન સહિતની વિસ્તૃત માહિતી ધરાવતા વીડિયો લોકો સુધી પહોંચાડાશે.

**(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)**

*(ભારતમાં ઈન્ટરનેટ વપરાશ કર્તાઓની વૃદ્ધિમાં મોટો હિસ્સો ગ્રામીણ વિસ્તારોનો છે. સસ્તા ડેટા પ્લાન જે ગ્રામ્યસ્તરે પણ સ્માર્ટફોનનો વધતો વ્યાપ દર્શાવે છે. વૈશ્વિક ડિજિટલ અહેવાલ 2025 અનુસાર, ભારતીયો દિવસનો સરેરાશ 2 કલાક 50 મિનિટ જેટલો સમય પોતાના મોબાઈલમાં સોશિયલ મીડિયા પર પસાર કરે છે. 18થી 35ની વયના લોકોમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પ્રચલિત છે. આ ડિજિટલ ક્રાંતિ જોતાં એવું કહી શકાય કે સોશિયલ મીડિયાએ પારદર્શકતા, સમાવિષ્ટતા અને નાગરિક કેન્દ્રિત માધ્યમ તરીકે સ્થાન જમાવ્યું છે. મયુર સોલંકી, આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# PUNE CIVIL AVIATION

**નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલિધર મોહોલે કહ્યું, અમદાવાદમાં તાજેતરમાં થયેલી એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની વિસ્તૃત તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થા- A.A.I.B કરશે. ગઈકાલે પુણેમાં એક ખાનગી સમાચાર ચેનલના કાર્યક્રમમાં શ્રી મોહોલે સ્પષ્ટ કર્યું કે, આ દુર્ઘટનામાં આતંકવાદનો કોઈ સંકેત મળ્યો નથી. એર ઇન્ડિયાની ઉડાન A.I.- 171ના બ્લેકબૉક્સના વિશ્લેષણ માટે દેશથી બહાર નહીં મોકલાય.**

# CHHOTA UDEPUR DHARTI AABA

**છોટાઉદેપુર જિલ્લામાં આજથી “ધરતી આબા જન ભાગીદારી” અભિયાનનો આરંભ થશે. આગામી 15 જુલાઈ સુધી યોજાનારા આ અભિયાન હેઠળ વિવિધ 17 મંત્રાલયના 25 જેટલા લાભ ઘરની નજીક અપાશે. આદિજાતિ બાબતોના મંત્રાલય અને રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આયોજિત આ અભિયાનનો લાભ લેવા લોકોને અનુરોધ કરાયો છે.**

ઉલ્લેખનીય છે કે, અભિયાન અંતર્ગત આધાર કાર્ડ, આયુષ્માન ભારત કાર્ડ, રાશન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન યોજના સહિતના કુલ 17 મંત્રાલયના 25 જેટલા લાભ તેમના ઘરના નજીકમાં અપાશે.

# WEATHER FORECAST

રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ છે. આજે સવારે ચાર વાગ્યા સુધીમાં કુલ 187 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ મહેસાણાના કડી તાલુકામાં નોંધાયો. જ્યારે અમદાવાદના વિરમગામ, ગાંધીનગરના કલોલ, નવસારીના ખેરગામ, સુરતના ઉમેરપાડા, અમદાવાદના દેત્રોજ-રામપુરા, વડોદરાના સાવલી અને નર્મદાના દેડિયાપાડા તાલુકામાં બેથી સવા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

દરમિયાન હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, આણંદ, વડોદરા, છોટા-ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા અને નગરહવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થવાની સંભાવના છે.

ઉપરાંત આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

(બાઈટઃ પ્રદીપ શર્મા, વૈજ્ઞાનિક, હવામાન ખાતા)

# PORBANDAR MACHHIMARO PARAT

પોરબંદરના બંદર પરથી માછીમારી કરવા ગયેલા પાંચ માછીમાર હેમખેમ બંદર પર પરત ફર્યા છે. અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે, પોરબંદરના પાંચ માછીમારો શુક્રવારે સાંજે માછીમારી માટે ગયા. ત્યારે તેમની હોડીના મશીનમાં તકનીકી ખામી સર્જાતા પાંચ ખલાસી ફસાયા હતા. બાદમાં પોલીસ અને સુરક્ષા સંસ્થાઓએ શોધખોળ કરી હતી. માછીમારો પરત બંદર તરફ આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દરમિયાન ડાંગમાં વરસાદી માહોલ જામ્યો છે. ગત **24** કલાકમાં આહવા, વઘઈ અને  ગિરિમથક સાપુતારામાં દોઢ ઇંચ જેટલો તેમજ સુબીરમાં અડધા ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે વઘઈનો ગીરાધોધ માટે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# RAIN DATA

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 32 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સત્તાવાર યાદી મુજબ, વરસાદના કારણે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો હાલનો જળસંગ્રહ 50 ટકા સુધી પહોંચી ગયો છે. દરમિયાન 19 બંધ હાઈ અલર્ટ, 13 બંધ અલર્ટ અને 14 બંધ ચેતવણી પર રખાયા છે.

વરસાદના કારણે અત્યાર સુધી કુલ ત્રણ હજાર 703 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. જ્યારે 676 લોકોને બચાવી લેવાયા છે. બીજી તરફ, વરસાદથી ગઈકાલ સુધી 90 માર્ગ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયા છે.

# BHAVINA PATEL GOLD

રાજ્યનાં બે દિવ્યાંગ ખેલાડી ભાવિના પટેલ અને સોનલ પટેલે આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ મહામંડળ- I.T.T.F. ટૂર્નામેન્ટમાં ચંદ્રક જીતીને રાજ્ય સહિત દેશનું નામ રોશન કર્યું છે.

રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા બંને ખેલાડીને અભિનંદન પાઠવ્યાં. તેમણે કહ્યું, તાઈપેમાં ચાલી રહેલી I.T.T.F વર્લ્ડ P.T.T. ફ્યૂચર 2025 આંતર-રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાવિના પટેલે સુવર્ણ અને સોનલ પટેલે રજત ચંદ્રક જીત્યાં છે. તેમણે આ સિદ્ધિ ગુજરાત અને સમગ્ર ભારત માટે ગર્વની ક્ષણ છે. તેમની મહેનત સમગ્ર દેશને પ્રેરણા આપે છે.

# SURAT EPFO

સુરત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા પેન્શનધારકો માટે પહેલ શરૂ કરવામાં આવી છે. સુરત P.F. કાર્યાલય દ્વારા "નિધિ આપકે નિકટ" અંતર્ગત સુરત, તાપી, નવસારી જિલ્લામાં આજે એક વિશેષ કાર્યક્રમ યોજાશે, જેમાં પેન્શન સંબંધિત પ્રશ્નોનું એક જ જગ્યાએ નિવારણ કરાશે. આ અંગે પીએફ કમિશનર સંજયસિંહ ગુર્જરે વધુ માહિતી આપી.

(બાઇટ: સંજયસિંહ ગુર્જર, પીએફ કમિશનર)

-----------------------------------------------------------------------